**ફોજદારી કેસ નં.૬૧૮૧/૨૦૨૦, ખોખરા પોલીસ સ્ટેશન ।-પાર્ટ ગુ.રજી. નં.૧૦૧/૨૦૧૯, ઈ.પી.કો.કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૪૨૭ મુજબના કામે આંક-૧ લગત હુકમ**

(૧) રીટની નકલ તથા રેકર્ડ વંચાણે લીધું. એ.પી.પી.શ્રીનો ''સીન''નો શેરો ધ્યાને લીધો.

(૨) ઉપરોકત ગુન્હા રજીસ્ટર નંબરથી હાલના કામના ફરીયાદીએ આરોપીઓ નં.(૧)ધીરજ ઉર્ફે ધીરૂ કૃષ્ણકુમાર શુકલા, ઉ.વ.૩૦, (૨) મયંકકુમાર ઉર્ફે પીન્ટુ કિશનકુમાર શુકલા,ઉ.વ.૨૬, (૩) રીષભ રાકેશભાઈ બાજપાઈ, ઉ.વ.૨૦, (૪) રાહુલ ઉર્ફે જશવંત સુરેશભાઈ ઉર્ફે સૂર્યભાન જયસ્વાલ, ઉ.વ.૨૦, (૫) અતુલ ઉર્ફે વિકાસ અમરસિંહ રાજપુત, ઉ.વ.૨૦ અને અન્ય બે કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરો વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ઈ.પી.કો.કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૪૨૭ મુજબની ફરિયાદ ખોખરા પોલીસ સ્ટેશનમાં દાખલ કરાવેલ જે ફરિયાદ વિરુધ્ધ આરોપીઓએ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં R/ SPECIAL CRIMINAL APPLICATION (QUASHING) NO.6800 OF 2024 દાખલ કરેલ જે ચાલી જતાં તે કામે થયેલ હુકમ મુજબ આરોપીઓ સામે નોંધાયેલ એફ.આઈ.આર. અને તેને સંલગ્ન તમામ પ્રોસીડિંગ્સ કવોશ એન્ડ સેટ-અસાઈડનો આદેશ કરેલ હોઈ નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમ મુજબ આરોપીઓ સામેના હાલના કેસની કાર્યવાહી તે રીતે બંધ કરી કેસ ફેંસલ કરવામાં આવે છે અને આરોપીઓના જામીન તથા જામીનખત આથી રદ કરવામાં આવે છે. ત.ક.અધિકારીએ કાયદાના સંઘર્ષમાં આવેલ બંને કિશોર સામે અલગથી ચાર્જશીટ કરેલ છે. નામદાર ગુજરાત હાઈકોર્ટનો હુકમ જોતાં હુકમમાં કાયદાના સંઘર્ષમાં આવેલ બંને કિશોર સામેનો કેસ પણ કવોશ કરેલ હોય તેવું હુકમ પરથી ફલિત થતું હોય બિનકિંમતી મુદ્દામાલનો અપીલ સમય વિત્યે નાશ કરવો.

હુકમ આજ રોજ તા.૧૬મી જુલાઈ ૨૦૨૪ના રોજ અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા.૧૬/૦૭/૨૦૨૪**
**અમદાવાદ.**

**(એ.જી. ઓઝા)**
**૧૯મા એડિ.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**
**(કોર્ટ નં.૧૩) અમદાવાદ શહેર.**
**કોડ નં. GJ-00839**